કોસ્ટલ સિક્યુરીટીની તમામ કામગીરી સંકલિત રીતે એ.ડી.જી.પી./ડી.જી.પી.શ્રી મરીન પોલીસને સોંપવા અને તેનું વહીવટી માળખું નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
ઠરાવ ક્રમાંક: મહક/૧૦૨૦૦૮/૪૨૪૩/સ
સચિવાલય, ગાંધીનગર.
તા.૦૪/૦૭/૨૦૧૯

વંચાણે લીધાઃ-

(૧) ગૃહ વિભાગનો તા.૦૩/૧૧/૨૦૦૯નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૨) ગૃહ વિભાગનો તા.૨૮/૦૭/૨૦૧૦નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૩) ગૃહ વિભાગનો તા.૦૯/૦૭/૨૦૧૨નો સરખા ક્રમાંકનો ઠરાવ

(૪) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર નો તા.૨૨/૦૬/૨૦૧૮નો પત્ર ક્રમાંક- ઈ-૨/૧૫૩૬/મરીન પોલીસ/૧૧૯૫/૨૦૧૮

(૫) અ.મુ.સ.શ્રી(ગૃહ)ની અધ્યક્ષતામાં તા.૨૨/૦૫/૨૦૧૯ના રોજ યોજાયેલ બેઠકની કાર્યવાહી નોંધ

ઠરાવઃ-

સંદર્ભ-(૧) તથા (૨)માં દર્શાવેલ ગૃહ વિભાગના તા.૦૩/૧૧/૨૦૦૯ તથા તા.૨૮/૦૭/૨૦૧૦ના ઠરાવ અન્વયે રાજ્યના સાગરતટની સુરક્ષા માટે મરીન રાજ્ય અનામત પોલીસ દળ ઊભું કરવાની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

૨. સંદર્ભ-(૪)માં દર્શાવેલ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૨/૦૬/૨૦૧૮ના પત્રથી દરિયાઈ સુરક્ષાની કામગીરીના સુપરવિઝન માટે ડી.જી.પી.શ્રી મરીન પોલીસની રચના કરવા અંગે દરખાસ્ત કરેલ હતી. જેના અનુસંધાને આઈ.જી.પી.શ્રી કોસ્ટલ સિક્યુરીટીની જગ્યાને અપગ્રેડ કરી એ.ડી.જી.પી./ડી.જી.પી.શ્રી સંવર્ગની જગ્યા ઊભી કરી કોસ્ટલ સિક્યુરીટીની તમામ કામગીરી સંકલિત રીતે એ.ડી.જી.પી./ડી.જી.પી.શ્રી મરીન પોલીસને સોંપવા અને તેનું

વહીવટી માળખું નક્કી કરવા બાબતે ચર્ચા વિચારણા કરવા અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ)ના અધ્યક્ષ સ્થાને તા.૨૨/૦૫/૨૦૧૯ના રોજ એક બેઠકનું આયોજન કરવામાં આવેલ હતું.

૩. ઉક્ત બાબતે પુખ્ત વિચારણાને અંતે સરકારશ્રી દ્વારા નીચે મુજબનો નિર્ણય કરવામાં આવે છે.

- હાલની IGP, ATS, IG મરીન ટાસ્ક ફોર્સ અને IGP કોસ્ટલ સિક્યુરિટીની જગ્યાઓ પર ADGP/DGPનું નિયંત્રણ રહેશે અને ADGP (ATS)નું નામાભિધાન બદલી ADGP/DGP(ATS અને કોસ્ટલ સિક્યુરિટી) રાખવામાં આવે છે તથા IGP(મરીન ટાસ્ક ફોર્સ)નું નામ બદલી IGP(કમાન્ડો ફોર્સ) રાખવામાં આવે છે.
- IGP(મરીન ટાસ્ક ફોર્સ)નું મુખ્ય મથક વિભાગના સંદર્ભ-(૩)માં દર્શાવેલ તા.૦૯/૦૭/૨૦૧૨ના ઠરાવથી જામનગર ખાતે રાખવાનું નક્કી થયેલ છે તે પૂરતુ બદલીને હવે IGP(કમાન્ડો ફોર્સ)ના નવા નામાભિધાન સાથે મુખ્ય મથક અમદાવાદ ખાતે રાખવાનું નક્કી કરવામાં આવે છે અને તે સીધા ADGP/DGP(ATS અને કોસ્ટલ સિક્યુરિટી)ના નિયંત્રણ હેઠળ કાર્ય કરશે.
- કુલ 3 SP(ATS) પૈકી ૨ SP(ATS), IGP(ATS)ના નિયંત્રણ હેઠળ રહેશે તથા એક SP(Admin & Tech.) તરીકે ઓળખાશે અને તેઓએ ADGP/DGP(ATS અને કોસ્ટલ સિક્યુરિટી)ના સીધા નિયંત્રણ હેઠળ કામગીરી કરવાની રહેશે.
- IGP કમાન્ડો ફોર્સના નિયંત્રણ હેઠળ SP ચેતક કમાન્ડો અને SP મરીન ટાસ્ક ફોર્સ કામ કરશે.
- IGP કોસ્ટલ સિક્યુરિટીના નિયંત્રણ હેઠળ SP કોસ્ટલ સિક્યુરિટી કામ કરશે.
- આ સાથે સામેલ પત્રક મુજબનું નવું માળખું રાખવાનું તથા સદરહુ માળખા(વ્યવસ્થા)નું સંપૂર્ણ મોનીટરિંગ અને નિયંત્રણ પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીએ કરવાનું ઠરાવવામાં આવે છે.

૪. આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની તા.૧૩/૦૬/૨૦૧૯ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.એ.શાહ)
ઉપ સચિવ,
ગૃહ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

- માન. રા.ક.મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી(ગૃહ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- વિભાગના સર્વે અધિક સચિવશ્રી/સંયુક્ત સચિવશ્રી/નાયબ સચિવશ્રી/ઉપ સચિવશ્રી
- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(હથિયારી એકમો), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિરીક્ષકશ્રી(વહીવટ), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(ઈન્ટે.), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- પોલીસ મહાનિરીક્ષકશ્રી(કોસ્ટલ સિક્યુરિટી), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- મરીન ટાસ્ક ફોર્સ કમાન્ડરશ્રી(ઈન્ચાર્જ) તથા નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી(ATS), ગુજરાત રાજ્ય, પોલીસ ભવન, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ
- શાખા સીલેક્ટ ફાઇલ

સિસ્ટમ અધિકારીશ્રી, I.T શાખા, સદરહુ ઠરાવ ગૃહ વિભાગની વેબસાઈટ ઉપર મૂકવા સારૂ


ADGP/DGP
ATS & Coastal Security
IGP(ATS)
IG(Commando Force)
SP (Admin & Technical)
IGP Coastal Security
SP (ATS)
SP(ATS)
SP Chetak Commando
SP MTF
(3)
SP Coastal Security